૪૯૬૩-૯૬

ક્રમાંક:માધ્ય/ઘ/પેન- ૩/૨૦૨૨/
કમિશનરશ્રી શાળાઓની કચેરી,
૯ ૧ ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર.
તા.૨૧/૩/૨૦૨૨

પ્રતિ,
જિલ્લા શિક્ષણાનધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિ.તમામ.

વિષય :– રાજયની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકો કર્મચારીઓને CCC પરીક્ષા પાસ કરવા બાબત.

સંદર્ભ :–૧. શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક:બમશ ૧૧૯૯/૭૪૧/(૨)- ગ,તા. ૦૨/૭/૧૯૯૯
૨. નાણા વિભાગનો પત્રાંક:ખરચ ૨૦૦૨/૫૭/ઝ -૧,તા.૧૬/૨/૨૦૦૨
૩. ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ,ઠરાવ ક્રમાંક:બમશ/૧૧૦૬/૧૪૨૨/ગ સચિવાલય, ગાંધીનગર તા.૨૮ ૧ ૨૦૦૮

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાજયની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકો/કર્મચારીઓ નિમણુંક પામે ત્યારે પાંચ વર્ષ પૂર્ણ કરેલ હોય અને કાયમી પુરા પગારમાં સમાવેશ કરતા અગાઉ નાણાંવિભાગ અને સામાન્ય વહિવટ વિભાગના અને શિક્ષણ વિભાગના વખતો વખતના ઠરાવોની જોગવાઈઓ અન્વયે CCC પરીક્ષા પાસ કરવાની જોગવાઈઓ થયેલ છે.

ઉપરોકત વિગતે બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફિકસ પગારમાં નિમણુક પામેલ શિક્ષકો કર્મચારીઓએ આ નિમણુંક પુર્વે અગાઉ ગ્રાન્ટેડ શાળામાં / સરકારી શાળામાં સરકારશ્રીની અન્ય કોઈ કચેરીમાં સેવા બજાવેલ હોય અને સરકારશ્રીના વખતો વખતના ઠરાવોની જોગવાઈઓ અન્વયે માન્ય થયેલ સંસ્થાઓમાંથી CCC પરીક્ષા પાસ કરેલ હોય તેવા કિસ્સાઓમાં શિક્ષકો કર્મચારીઆને પુરા પગારમાં સમાવવા અંગે પુનઃ CCC પરીક્ષા પાસ કરવાની આવશ્યકતા રહેતી નથી.જે બાબત ધ્યાને લઈ આ અંગે આગામી નિયમોનુસારની કાર્યવાહી આપની કક્ષાએથી કરવા જણાવવામાં આવે છે.

૪૯૬૨
૨૨/૩/૨૦૨૨

સંયુકત શિક્ષણ નિયામક
(માધ્યમિક)
ગુ.રા.ગાંધીનગર.

જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી
રાજકોટ
આ. નં. ૨૦૦૯
૨૨/૩/૨૨